તા. ૨૫-૧૨-૨૦૨૪
દિવ્ય ભાસ્કર, પાના નં. ૦૧

# ગિફ્ટ સિટીને પગલે ગાંધીનગર પીડીપીયુ રોડ પર પ્રોપર્ટી માર્કેટનો હરણફાળ વિકાસ

▪ ગાંધીનગરમાં પ્રોપર્ટી ખરીદવા ઈચ્છુકને રાયસણ અને પીડીપીયુ રોડ પર અફોર્ડેબલ સેગમેન્ટમાં પ્રોપર્ટી મળી રહે છે. આ વિસ્તારમાં ગિફ્ટ સિટી, મેટ્રો, એરપોર્ટ જેવી કનેક્ટિવિટી સરળતાથી એક્સેસ કરી શકાય છે.



ગાંધીનગર એ ઈન્ડિયાનું સૌથી ઝડપી અને રોકાણ માટેનું હોટ સ્પોટ છે, જે રેસિડેન્સિયલ અને કોમર્શિયલ પ્રોપર્ટી માટે અનેક વિકલ્પ આપે છે. મજબૂત આર્થિક વિકાસ સાથે ગુજરાતની રાજધાની ઝડપથી રિઅલ એસ્ટેટ રોકાણ માટેના મુખ્ય સ્થળ હોય તે રીતે વિકાસ થઈ રહ્યો છે. રેસિડેન્સિયલ અને કોમર્શિયલના અનેક વિકલ્પો સાથે ગાંધીનગરમાં ઈનવેસ્ટ કરવાની ઉત્તમ તક છે. ગાંધીનગરના રાયસણ વિસ્તારમાં છેલ્લા 5 વર્ષમાં પ્રોપર્ટીના ભાવ બમણા અને જમીનના 4 ગણા ભાવ વધ્યા છે. પીડીપીયુ વિસ્તારમાં રોકાણ કરવાનો આદર્શ સમય છે. જેથી અહીંયા લોકો રહેવાનું વધારે પસંદ કરે છે. પીડીપીયુ રોડ પર કુલ 30થી વધારે રેસિડેન્સિયલ પ્રોજેક્ટ અને 5થી 6 કોમર્શિયલ પ્રોજેક્ટ છે. અહીંયા રિવરફ્રન્ટ વિસ્તાર પણ ખૂબ નજીકના અંતરમાં છે. રેસિડેન્સિયલ પ્રોપર્ટી ખરીદવા ઈચ્છતા લોકો માટે આ વિસ્તાર ઉત્તમ પસંદગી સાબિત થઈ શકે છે. 10 મિનિટના અંતરમાં એરપોર્ટ, મેટ્રો અને રેલ્વે સ્ટેશન હોવાથી આ વિસ્તારમાં પ્રોપર્ટી ખરીદવી ફાયદાકારક છે.